જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૨/૧૧/૨૦૧૫ રવિવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૨૩૬૦/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૦૮ કેસ કરી ૦૮ વ્યક્તિઓને ઝડપી ૪૦ લીટર દેશી દારૂ, ૭૩૧ બોટલ ઇગ્લીશ દારૂ, ૬૦ ક્વૉટર ઇગ્લીશ દારૂ, ૦૧ એક્ટીવા સ્કુટર અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫૧,૧૭૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયા:-** **સમાચાર યાદી નં.૨૩૬૧/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૫૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૨૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણ :-** **સમાચાર યાદી નં.૨૩૬૨/૧૫**

**વાડજ :** રાહુલભાઇ વિનોદકુમાર જોષી (ઉ.વ.૧૯)(રહે.હરીઓમ એપાર્ટમેન્ટ, વ્યાસવાડી પાસે, વાડજ) એ વાડજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૧૧/૧૫ સવારનાં ૭/૩૦ વાગ્યાના સુમારે શ્રીનાથ એપાર્ટમેન્ટ બ્લોક નં.૨૫ આગળથી પોતાની બહેન નીતુબહેન (ઉ.વ.૧૭) ને કોઇ અજાણી વ્યક્તિ લલચાવી ફોસલાવી અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.જી.રાઠોડ ચલાવે છે.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૨૩૬૩/૧૫**

**જી.આઇ.ડી.સી.વટવા :** જશવંતસિહ જયદિપસિંહ ચૌહાણ (રહે. દેવકૃપા ક્રિષ્ના એપાર્ટમેન્ટ, આયોજન નગર સામે, વિંઝોલ) એ જી.આઇ.ડી.સી.વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૧૧/૧૫ સવારનાં ૧૦/૦૦ થી સાંજનાં ૪/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરનો દરવાજો તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૪૧,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એન.કરંગીયા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**સોલા હાઇકોર્ટ :** આશિષભાઇ સુરેશભાઇ પટેલ (રહે.વિનાયક લેકવ્ય, તિરૂપતિ સ્કુલની સામે, ચાંદલોડીયા) એ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૧૧/૧૫ સવારનાં ૧૧/૦૦ થી સાંજનાં ૫/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરનાં દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, સોનાના દાગીના અને રોકડ રૂપિયા ૧૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૫૧,૦૦૦/- મતાની તેમજ જરૂરી દસ્તાવેજોની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.કે.અસોડા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)